# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ.   રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૫/ક્વા-૧/૨૧-૨૨/૪૨૨૫-૬ તા.૧૩-૦૭-૨૧**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૫/ક્વા-૧/૨૧-૨૨**

અરજદાર: ડો. પ્રકાશ જે. હાથી ગામ: રાજકોટ
પેટા વિભાગીય કચેરી : ટંકારા
રજૂઆત કરનાર: અરજદાર ડો. પ્રકાશ જે. હાથી હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - મોરબી
રજૂઆત કરનાર: નાયબ ઈજનેર શ્રી વી. સી. જેઠલોજા પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – મોરબી તથા અધીક્ષક હિસાબનીશ (રેવ.) શ્રી જી. એલ. પરમાર પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – મોરબી હાજર રહેલ છે.

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પી.જી.વી.સી.એલ., શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૦૬-૦૭-૨૧ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૬-૦૭-૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે તેઓએ પવન ઓઇલ ઇન્ડસ્ટ્રીઝ નામનું એચ.ટી. જોડાણ ગ્રાહક નંબર ૩૨૮૦૪–તા.ટંકારા જી.મોરબીની પ્રોપર્ટી MSTC - બેંક ઓફ બરોડા - ત્રાજપર મોરબી શાખા - પાસેથી SRFAEST Act-2002 Dt:18-03-21 થી ખરીદ કરેલ છે. તે જગ્યામાં વીજબીલની બાકી લેણી રકમ અંદાજીત

રૂ.૨,૭૫,૦૦૦/- ભરપાઈ કરવાના થતા નથી જેથી NOC અને નવું વીજજોડાણ જલ્દીથી આપી અને આર્થીક નુકશાન ન થાય તે અંગે વિનંતી કરેલ છે.

૨.૧ સદર જોડાણના લાઈટ બીલના બાકી લેણા અંદાજે રૂ.૨,૭૫,૦૦૦/- છે. પરંતુ ગુજરાત સરકાર ઉદ્યોગ અને ખાણ ખનીજ વિભાગ ઠરાવ ક્રમાંક જી એફ સી (જી આઈ સી) 102003-1711-પી -સચિવાલય ગાંધીનગર તારીખ:7-2-2014 મુજબ ભરપાઈ કરવાના થતા નથી પરંતુ તેઓ દ્વારા મોરબી વિભાગીય કચેરીમાં તપાસ કરતા જણાવેલ છે કે સદર જગ્યાના બાકી લેણા ભરાશે નહીં ત્યાં સુધી સદર જોડાણની જગ્યા પર નવા વીજજોડાણ અન્વયેનું NOC મળશે નહિ. જેથી આર્થિક નુકસાન ન થાય તે મુજબ નવું વીજજોડાણ જલ્દીથી અપાવવા માટે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત મુદ્દા નં ૨.૦ અને ૨.૧ મુજબની વિગતે અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારને લેખિત પત્ર નં -૩૮૯૪ તા.૨૭-૦૪-૨૧ થી જાણકારી આપેલ તે મુજબ ગ્રાહક શ્રી મે. પવન ઓઈલ ઇન્ડસ્ટ્રીઝ વીજગ્રાહક નં.૩૨૮૦૪ થી ૨૫૦ KVA નું એચ.ટી. જોડાણ ધરાવતા હતા. સદર જોડાણના વીજબિલની રકમ ભરપાઈ ન કરતા તા.૨૬.૦૪.૨૦૧૯ નાં રોજ થી ડીસ કનેક્શન કરાયેલ છે. તેમજ ગ્રાહકને લીગલ નોટીસ આપવા છતાં બાકી બિલ ની રકમ ભરપાઈ ન કરતા ગ્રાહક સામે રકમ વસુલાત માટે મોરબી કોર્ટમાં દીવાની દાવા નં. ૧૫૬/૨૦૨૦ થી કરવામાં આવેલ છે. સદર ગ્રાહક પાસે રૂ.૨,૫૪,૫૧૨.૦૦ દાવાની રકમ (ઓક્ટો-૨૦ સુધીના ડી.પી.સી સાથે) + નવે-૨૦ થી એપ્રિલ-૨૧ સુધીના રૂ.૧૯૦૮૮.૪૦ ડી.પી.સી. તેમજ રૂ.૯૧૭૫.૦૦ લીગલ દાવા ખર્ચ +રૂ.૧૦૭૫૦.૦૦ એડવોકેટ ફી + રૂ.૧૦૦૦.૦૦ નોટીસ ચાર્જ એમ કુલ રૂ.૨,૯૪,૫૨૫.૪૦ બાકી લેણા એપ્રિલ-૨૦૨૦ સુધીના નીકળે છે.

૩.૧ ઉપરોક્ત બાબતે લાગુ પડતા GERC સપ્લાય કોડ ની કલમ ૪.૬ , ૪.૭ અને ૪.૩૦ મુજબ નીચે પ્રમાણે છે. અરજદાર એવી હયાત મિલકત ની ખરીદી કરે કે ખરીદ કરવાનો ઈરોદો રાખે કે જેનું વીજજોડાણ કપાઈ ગયું હોય તો તેની આગલા માલિકે પરવાનેદારની બાકી તમામ રકમ ચૂકવી છે તેની ખરાઈ કરવાની અને તેની પાસે થી “કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર” મેળવવું એ અરજદારની ફરજ છે. મિલકતની માલિકીની ફેરબદલી પહેલા આગલા માલિકે “કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર” મેળવ્યું ન હોય તો નવા માલિકે આવું પ્રમાણ પત્ર મેળવવા આગળના જોડાણની વિગતો સાથે પરવાનેદારનો સંપર્ક કરવો. પરવાનેદારે આવી વિનંતિ ની પહોંચ આપવાની રહેશે અને જગ્યા પર કોઈ બાકી રકમ નીકળતી હોય તો લખાણ માં જાણ કરવાની અથવા “કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર” આવી અરજી મળ્યાની તારીખ થી ૦૧ મહિનામાં આપવાનું રહેશે. આમ ગ્રાહક દ્વારા બાકી રકમ અંગે કોઈ અરજી આવેલ નથી. આથી જયા સુધી સદર વિવાદિત જગ્યા પર નું લેણું બાકી છે ત્યાં સુધી તે જગ્યા “નો ડ્યુ સર્ટિફિકેટ” આપી શકાય નહિ તેમજ ત્યાં બીજું કનેક્શન પણ આપી શકાય નહિ.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારે રજુ કરેલ બેંક ઓફ બરોડાના સેલ સર્ટીફીકેટ તા.૧૮-૦૩-૨૦૨૧ મુજબ રે.સર્વે નંબર 588P1 ની કુલ જગ્યા ૪૮૫૬.૦૦ ચો.મી. મે. પવન ઓઈલ ઇન્ડસ્ટ્રીઝ ગામ-ટંકારા તા.ટંકારા જી.મોરબી ખાતે આવેલ ઔદ્યોગિક જમીન અને સંલગ્ન ઈમારત – બેંક ઓફ બરોડા પાસેથી શ્રી પ્રકાશ જયંતીલાલ હાથી દ્વારા

રૂ.૧,૩૬,૦૦,૦૦૦/- થી ખરીદ કરાયેલ છે. સદર મિલકતના અગાઉના એચ.ટી.વીજ જોડાણ ગ્રાહક નં - ૩૨૮૦૪ પવન ઓઈલ ઇન્ડસ્ટ્રીઝના નામે બાકી નીકળતી વીજબીલની રકમ ભરપાઈ કરવાની રહેતી ન હોય NOC અને વીજજોડાણ મેળવવા માટે પી.જી.વી.સી.એલ. પક્ષકારને રજૂઆત કરેલ પરંતુ સદર બાકી રકમ ભરપાઈ થયા બાદજ નવા વીજજોડાણની કાર્યવાહી થશે જેથી અરજદારે ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

૪.૨ ઉપરોક્ત બાબતે અરજદારે જણાવેલ છે કે ગુજરાત સરકાર ઉદ્યોગ અને ખાણ ખનીજ વિભાગ ઠરાવ ક્રમાંક જી એફ સી (જી આઈ સી) 102003-1711-પી -સચિવાલય ગાંધીનગર તારીખ:7-2-2014 મુજબ ભરપાઈ કરવાના થતા નથી તેમજ ફોરમ કમિટી મીટીંગ તા.૦૬-૦૭-૨૧ ની સુનાવણી દરમ્યાન ઉલ્લેખ કરાયેલ જીયુવીએનએલ ડાયરેક્ટર(ટેક)ના પત્ર નંબર:૧૬૨૯ તા.૨૯-૦૭-૧૧ મુજબ **GSFC** દ્વારા હરરાજી કરેલ મિલકત કોઈ આસામી ખરીદેતો તેવી જગ્યા પર જુના ગ્રાહક પાસેથી બાકી રહેલ વીજબીલની રકમ વસુલાત કર્યા સિવાય નવા આસામીને વીજજોડાણ આપવું તેવી માર્ગદર્શક સુચના અપાયેલ છે.

૪.૩ અરજદારની રજૂઆત અન્વયે નામદાર જીઈઆરસી સપ્લાયકોડ ની લાગુ પડતી કલમો નીચે મુજબ રજુ કરેલ છે.

નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં ૪.૬ મુજબ "અરજદાર એવી હૈયાત મિલકતની ખરીદી કરે કે ખરીદવાનો ઈરાદો રાખે કે જેનું વીજજોડાણ કપાઈ ગયું હોય તો તેની આગલા માલિકે પરવાનેદારની તમામ બાકી રકમ ચૂકવી છે તેની ખરાઇ કરાવવાની અને તેની પાસેથી 'કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' મેળવવું એ જરૂરી અરજદારની ફરજ છે. મિલકતની માલિકીની ફેર બદલી પહેલા આગલા માલિકે 'કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' મેળવ્યું ન હોય તો નવા માલિકે આવું પ્રમાણપત્ર મેળવવા આગલા જોડાણની વિગતો સાથે પરવાનેદારનો સંપર્ક કરવો.

પરવાનેદાર આવી વિનંતીની પહોંચ આપવાની રહેશે અને જગ્યા પર કોઈ રકમ બાકી નીકળતી હોય તો લખાણમાં જાણ કરવાની અથવા કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' આવી અરજી મળ્યાની તારીખ થી એક મહિનામાં આપવાનું રહેશે."

નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં ૪.૭ મુજબ "પરવાનેદાર આ સમય મર્યાદામાં બાકી નીકળતી રકમની જાણ ન કરે કે 'કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' રજુ ન કરે તો આગલા ગ્રાહક પાસેથી બાકી નીકળતી રકમનું કારણ રજૂ કરીને તે જગ્યાને નવું જોડાણ આપવાની ના પાડી શકશે નહીં. આવા કિસ્સામાં પરવાનેદારે કાયદાની જોગવાઈઓ અનુસાર આગલા ગ્રાહક પાસેથી તેની લેણી રકમ વસૂલ કરવાની રહેશે."

નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં ૪.૩૦ મુજબ "નવા જોડાણ પુનઃજોડાણ વીજભારમાં વધારો કે ઘટાડો નામમાં ફેરફાર અથવા કોઈ જગ્યા માટે સર્વિસ લાઈન ખસેડવાની માટેની અરજી તે જગ્યાના સંબંધિત કોઈલેણા અથવા અરજદાર દ્વારા વિતરણ પરવાનેદારને વિતરણ પરવાનેદારના અધિકારક્ષેત્રમાં કોઈપણ જગ્યાએ તેના નામે રાખેલ બીજા કોઈ સર્વિસ જોડાણના સંબંધમાં કોઈ બાકી રકમ ચૂકવવામાં આવશે નહીં ત્યાં સુધી પરવાનેદાર દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

પરંતુ નવા અરજદાર પાસેથી અગાઉના લેણા વસુલ કર્યા પછી જોડાણ આપવામાં આવે તેવા કેસમાં અને યોગ્ય કાનૂની ઉપાય પ્રાપ્ત થયા પછી પરવાનેદારને તે જગ્યા અગાઉના ગ્રાહક/માલિક પાસેથી કે

કબજેદાર પાસેથી બાકી નીકળતી પૂરેપૂરી કે આંશિક રકમ મળે તે કેસમાં આવી બાકી નીકળતી રકમ વસૂલ કરવાના ખર્ચ સરભર કર્યા પછી જેની પાસેથી બાકી રકમ વસૂલ કરવામાં આવી હોય તે નવા ગ્રાહક/માલિક કે કબજેદારને રકમ પાછી અપાશે."

૪.૪ અરજદારની રજૂઆત અન્વયે તેઓએ ગુજરાત સરકાર ઉદ્યોગ અને ખાણ વિભાગ જીએફસી (જીઆઈસી) ૧૦૨૦૦૩-૧૭૧૧-પી. તા.૦૭-૦૨-૨૦૦૪ થી <u>*ગુજરાત ઔદ્યોગિક મુડીરોકાણ નિગમ લીમીટેડ*</u> અને <u>*ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ*</u> દ્વારા હરાજી થયેલ એકમોના નવા ખરીદનાર ને પડતી મુશ્કેલીઓના નિવારણ બાબતેનો ઠરાવ રજુ કરેલ છે. તે મુજબ ઠરાવ ક્રમાંક – ૦૫ નીચે મુજબ નોંધાયેલ છે. "હરાજી માંથી એકમ ખરીદનાર પાસેથી ઉક્ત સંસ્થાઓએ કે ખાતાઓમાં અન્ય કોઈ રકમ વસુલવાની રહેશે નહિ, અને હરાજી માંથી ખરીદ કરેલ મિલકતો ઉપર ઉક્ત સંસ્થા ખાતાનો કોઈ બોજો ટાંચ ચાલુ રહેશે નહિ અને ક્રમાંક – ૦૭ માં રજુ કરેલ નોંધ મુજબ " .......... ગુજરાત વિદ્યુત બોર્ડને એકમના મૂળ માલિક પાસેથી જૂની બાકી વસુલાતો વ્યાજ સહીત વસુલવાની સતા અબાધિત રહેશે."

ત્યારબાદ ઉપરોક્ત બાબતે જીયુવીએનએલ ડાયરેક્ટર(ટેક)ના પત્ર નંબર:૧૬૨૯ તા.૨૯-૦૭-૧૧ મુજબ નીચે પ્રમાણે કાર્યવાહી કરવા જણાવેલ છે.

"..... **to inform all concerned field offices to release such connections to the industrial consumer without asking for payment of arrears of the previsous consumer under the condition stated in the GR Dtd:07-02-2004 ….''**

૪.૫ અરજદારની ફરિયાદ અન્વયે ઉપરોક્ત મુદ્દા નં ૪.૩ અને ૪.૪ મુજબની વિગતે સ્પષ્ટ થાય છે કે ઉપરોક્ત જણાવેલ ઠરાવ પ્રમાણે અરજદાર દ્વારા ખરીદાયેલ મિલ્કત <u>*ગુજરાત ઔદ્યોગિક મુડીરોકાણ નિગમ લીમીટેડ*</u> અને <u>*ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ*</u> પાસેથી ખરીદ કરાયેલ ન હોવાથી સપ્લાય કોડ ની કલમ ૪.૩૦ મુજબ વીજબીલની બાકી લેણી રકમ ભરપાઈ થયા બાદજ નવા વીજજોડાણ અંગે ની કાર્યવાહી થઇ શકે. જેથી અરજદારની ફરિયાદ મુજબ સદર ખરીદાયેલ મિલકતમાં બાકી વીજબીલની રકમ હોવાથી NOC તેમજ નવા વીજજોડાણ અંગેની કાર્યવાહી થઇ શકે નહિ જેથી અરજદારની રજૂઆત ફોરમ કમિટી દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૫ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૭ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

**(એન.એચ.જોષી)**
**સભ્ય (સ્વતંત્ર)**

**(જે.બી.પારેખ)**
**ચેરપર્સન**

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯